
# કૃષિક્ષેત્રે નિકાસની તકો અને કાર્યવાહી



**ડો. વી.કે. ગોંડલીયા અને ડો. કે.એસ. જાદવ**

કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ અને WTO સેલ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય

**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**


ફોન : (૦૨૬૯૨) ૨૬૪૯૫૦ મો. ૯૬૬૨૫૨૭૮૮૬ • ઈ-મેઈલ : vkg@aau.in

## પ્રસ્તાવના

કોઈપણ રાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં આયાત-નિકાસ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તેનાથી વિદેશના સારા અને સસ્તા ઉત્પાદનો આપણા દેશમાં આવે છે અને આપણા સારા ઉત્પાદનો વિદેશના બજારોમાં વેચી શકાય છે. નિકાસથી દેશને કિંમતી વિદેશી હુંડીયામણ મળે છે. નિકાસને વેગ આપવા માટે ભારત સરકારે વિદેશ વ્યાપાર નિતી (૨૦૧૫-૨૦૨૦) હેઠળ નિકાસ કાર્યવાહી સરળ બનાવવા ઉપરાંત નિકાસકારો માટે શ્રેણીબદ્ધ પ્રોત્સાહક યોજનાઓ પણ જાહેર કરેલ છે.

## કૃષિક્ષેત્રે નિકાસની તકો

કૃષિક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. નિકાસક્ષેત્રે પણ કૃષિનું આગવું મહત્વ છે. દેશની કુલ નિકાસમાં કૃષિક્ષેત્રનો ફાળો લગભગ ૧૨ ટકા જેટલો છે. ભારતના વૈવિધ્યપૂર્ણ હવામાન અને અનુકુળ પરિબળોને લીધે અનેક પ્રકારના ફળ, શાકભાજી, ધાન્ય, તેલિબીયા, મસાલા વગેરે પાકોનું વિપુલ ઉત્પાદન થાય છે. કૃષિ ક્ષેત્રે સંશોધન થકી વિકસાવેલ નવી ટેકનોલોજીના પરિણામે કૃષિ ઉત્પાદન તેમજ ગુણવત્તા બન્ને વધી રહ્યા છે. જેનાથી કૃષિ ઉત્પાદનોની નિકાસમાં પણ ઝડપી વધારો થઈ રહ્યો છે. નિકાસની દ્રષ્ટિએ મહત્ત્વના કૃષિ ઉત્પાદનોની યાદી તેની નિકાસ તેમજ વૃદ્ધિ સહિતની માહિતી પત્રક-૧માં આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન દેશમાંથી ૨.૬૯ લાખ કરોડના કૃષિ ઉત્પાદનોની નિકાસ થઈ હતી. છેલ્લા દાયકા દરમિયાન ભારતની કૃષિ નિકાસમાં વાર્ષિક ૧૦.૭૩ ટકાની વૃદ્ધિ જોવા મળેલ છે (ચિત્ર-૧). જે દર્શાવે છે કે કૃષિક્ષેત્રે નિકાસની હજુ વિશાળ તકો ઉપલબ્ધ છે.




**ચિત્ર-૧ : ભારતમાંથી કૃષિ ઉત્પાદનોની નિકાસ**

## WTO સેલની ભૂમિકા

મધ્ય ગુજરાતના ખેડૂતોને નિકાસ લક્ષી ઉત્પાદન અંગે જાગૃત કરવા તેમજ નિકાસકારો અને વિદ્યાર્થીઓને નિકાસની તકો અને કાર્યવાહી અંગે જાણકારી આપવા માટે કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ અને WTO સેલ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ ખાતે વિવિધ તાલીમ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તદ્ઉપરાંત નિકાસની સ્થિતિ અને તકો સંબંધી સંશોધન પણ હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં ફળ, શાકભાજી, જીરૂ, ધાણા, વરિયાળી, મગફળી, તલ, દિવેલા વગેરેની નિકાસ સંબંધી સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે અને તેના પરિણામો ખેડૂતો તેમજ નિકાસકારોના વિશાળ હિતમાં પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

## પત્રક-૧ : ભારતમાંથી કૃષિ ઉત્પાદનોની નિકાસ તેમજ વૃદ્ધિદર

| ક્રમ | કૃષિ ઉત્પાદનનું નામ | નિકાસ (રૂા.કરોડમાં) (૨૦૧૮-૧૯) | વાર્ષિક વૃદ્ધિ દર (%) (૨૦૦૯-૧૦ થી ૨૦૧૮-૧૯) | ક્રમ | કૃષિ ઉત્પાદનનું નામ | નિકાસ (રૂા.કરોડમાં) (૨૦૧૮-૧૯) | વાર્ષિક વૃદ્ધિ દર (%) (૨૦૦૯-૧૦ થી ૨૦૧૮-૧૯) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દરિયાઈ ઉત્પાદનો | ૪૭૬૨૧ | ૧૯.૮૦ | ૩૧ | અન્ય તેલીબિયાં | ૯૨૭ | ૨૯.૮૩ |
| ૨ | બાસમતી ચોખા | ૩૨૮૦૬ | ૧૧.૫૫ | ૩૨ | કાકડી/ઘરકીન (પ્રોસેસ્ડ) | ૯૦૭ | ૬.૬૩ |
| ૩ | ભેંસનું માંસ | ૨૫૦૯૧ | ૧૭.૧૦ | ૩૩ | મેંગો જામ/જેલી | ૯૦૧ | ૧૭.૨૧ |
| ૪ | નોન-બાસમતી ચોખા | ૨૦૯૦૩ | ૧૦.૦૮ | ૩૪ | ઘેટાં / બકરા ઉત્પાદનો | ૮૬૮ | ૧૧.૬૭ |
| ૫ | કપાસ | ૧૪૬૨૮ | -૧.૨૯ | ૩૫ | ફળ / શાકભાજીના બિયારણ | ૮૬૫ | ૧૯.૨૮ |
| ૬ | તેલીબિયાના ખોળ | ૧૦૪૩૮ | -૫.૮૮ | ૩૬ | પીપર | ૮૨૧ | ૧૬.૪૧ |
| ૭ | ખાંડ | ૯૫૧૮ | ૨૭.૩૧ | ૩૭ | વનસ્પતિ તેલ | ૭૪૫ | ૨૦.૦૧ |
| ૮ | દિવેલા (તેલ) | ૬૧૭૦ | ૯.૭૨ | ૩૮ | ડુંગળી પાઉડર | ૭૨૦ | ૧૨.૮૫ |
| ૯ | ચા | ૫૮૨૮ | ૬.૪૨ | ૩૯ | દાડમ | ૬૮૯ | ૨૫.૭૨ |
| ૧૦ | કોફી | ૫૭૨૨ | ૧૦.૦૫ | ૪૦ | મરઘાં ઉત્પાદનો | ૬૮૭ | ૭.૩૧ |
| ૧૧ | ગુવાર ગમ | ૪૭૦૭ | ૦.૮૬ | ૪૧ | મેંગો પલ્પ | ૬૫૮ | -૦.૦૩ |
| ૧૨ | કાજુ | ૪૫૭૯ | ૭.૧૦ | ૪૨ | કરી પાઉડર | ૬૧૬ | ૧૭.૯૪ |
| ૧૩ | મરચુ પાઉડર | ૪૨૫૬ | ૧૮.૧૨ | ૪૩ | એલચી નાની | ૬૦૯ | ૧૭.૨૩ |
| ૧૪ | તમાકુ (પ્રક્રિયા વગર) | ૩૯૮૪ | ૨.૭૧ | ૪૪ | મોલાસીસ | ૫૮૬ | ૧૯.૨૯ |
| ૧૫ | ધાન્ય બનાવટો | ૩૮૪૬ | ૧૫.૩૨ | ૪૫ | ફૂલો | ૫૭૧ | ૭.૬૧ |
| ૧૬ | તલ | ૩૭૬૨ | ૬.૬૭ | ૪૬ | કાકડી/ઘરકીન (ફ્રેશ) | ૫૩૦ | ૧૩.૭૮ |
| ૧૭ | ડુંગળી | ૩૪૬૭ | ૬.૯૬ | ૪૭ | બટાટા | ૪૪૧ | ૨૩.૧૬ |
| ૧૮ | દૂધ ઉત્પાદનો | ૩૩૭૬ | ૧૨.૫૩ | ૪૮ | કેળા | ૪૧૨ | ૧૯.૦૭ |
| ૧૯ | મગફળી | ૩૨૯૬ | ૭.૦૧ | ૪૯ | મેંન્ગો ફ્રેશ | ૪૦૬ | ૧૦.૫૮ |
| ૨૦ | ફુદીનો | ૩૨૨૮ | ૮.૮૮ | ૫૦ | લસણ | ૩૦૯ | ૩૬.૬૭ |
| ૨૧ | તમાકુની બનાવટો | ૨૮૭૩ | ૧૫.૯૫ | ૫૧ | ધાણા | ૨૭૩ | ૯.૧૫ |
| ૨૨ | મસાલા તેલ | ૨૬૬૨ | ૧૬.૭૨ | ૫૨ | ટામેટા | ૨૬૨ | ૪.૫૮ |
| ૨૩ | જીરૂ | ૨૪૧૮ | ૨૪.૦૬ | ૫૩ | કિસમિસ | ૨૫૯ | ૧૭.૭૫ |
| ૨૪ | અન્ય ધાન્ય | ૨૩૫૫ | -૧૧.૩૪ | ૫૪ | વરિયાળી | ૨૫૯ | ૨૩.૬૧ |
| ૨૫ | દ્રાક્ષ | ૨૩૩૫ | ૨૨.૧૪ | ૫૫ | નટમગ/ મેસ | ૨૨૧ | ૧૦.૬૧ |
| ૨૬ | આલ્કોહોલિક પીણા | ૨૧૦૪ | ૧૨.૭૩ | ૫૬ | આદુ | ૨૧૬ | ૧૭.૨૫ |
| ૨૭ | કઠોળ | ૧૭૯૫ | ૧૧.૭૩ | ૫૭ | લીલા મરચાં | ૨૧૩ | ૧૬.૯૦ |
| ૨૮ | કોકો ઉત્પાદનો | ૧૩૫૧ | ૩૭.૮૫ | ૫૮ | અન્ય | ૧૭૦૪૨ | - |
| ૨૯ | દળેલા ઉત્પાદનો | ૧૦૫૯ | ૨૨.૫૭ | | **કુલ કૃષિ નિકાસ.....** | **૨૬૯૨૨૬** | **૧૦.૭૩** |
| ૩૦ | હળદર | ૧૦૩૬ | ૧૧.૩૬ | | | | |

સ્રોત : અપેડા

## નિકાસ માટેની કાર્યવાહી

## પ્રાથમિક તૈયારી

### (૧) નિકાસ માટે વ્યાવસાયિક પેઢી બનાવવી

- વ્યક્તિગત માલિકીની પ્રોપરાઈટર ફર્મ બનાવીને નિકાસની શરૂઆત કરી શકાય છે. મોટા પાયે કામકાજ કરવું હોય તો ભાગીદારી પેઢી, પ્રાઈવેટ લીમીટેડ કંપની અથવા સહકારી મંડળી બનાવવી.
- સ્થાનિક સત્તાક્ષેત્રમાં જેમ કે નગરપાલિકા, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સ વગેરેમાં પેઢીની નોંધણી કરાવો.
- કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવા ખાનગી બેંકમાં પેઢીના નામનું ચાલુ ખાતુ ખોલાવો.
- ઈન્કમટેક્ષ કચેરીમાંથી પ્રોપરાઈટર ફર્મ માટે પોતાના નામનું અન્યથા પેઢીના નામનું પાન કાર્ડ કઢાવવું.
- વ્યાપાર માટેના જીએસટી નંબર વગેરે પાછળથી જરૂર જણાય ત્યારે લઈ શકાય.

### (૨) ઈમ્પોર્ટર-એક્ષપોર્ટર કોડ (આઈઈસી) નંબર મેળવવો

- ડાયરેકટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) આયાત નિકાસનું નિયમન કરે છે. તેની વેબસાઈટ (www.dgft.gov.in) પર ઓનલાઈન અરજી કરીને આઈઈસી નંબર મેળવી શકાય છે.
- ઓનલાઈન અરજી સાથે માન્ય પાન કાર્ડ, કેન્સલ્ડ ચેક (બેંક એકાઉન્ટની ખાત્રી માટે), પેઢીના સરનામાનું પ્રુફ, માન્ય મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીની જરૂર રહે છે.
- આઈઈસી નંબરને રીન્યુ કરવાની જરૂર રહેતી નથી.

विदेश व्यापार महानिदेशालय
DIRECTORATE GENERAL OF
FOREIGN TRADE

IEC
(Import Export Code)

### (૩) રજીસ્ટ્રેશન કમ મેમ્બરશીપ સર્ટીફિકેટ (આરસીએમસી) મેળવવું

- આયાત નિકાસને પ્રમાણભૂત કરવા માટે તેમજ નિકાસ માટેના સરકારી લાભો લેવા આરસીએમસીની જરૂર છે.
- નિકાસને વેગ આપવા માટે પ્રોડકટ જુથ પ્રમાણે વિવિધ એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ / બોર્ડની રચના કરવામાં આવી છે. જે પૈકી લાગુ પડતી કાઉન્સીલ/બોર્ડમાં નોંધણી કરાવવી. જેવી કે કૃષિ વિષયક પેદાશો માટે અપેડા, મરી-મસાલા માટે સ્પાઈસ બોર્ડ, મલ્ટી પ્રોડકટ માટે ફીઓ, વગેરે.
- જે તે કાઉન્સીલ /બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરીને આરસીએમસી મેળવી શકાય છે.

एपीडा
APEDA

SPICES BOARD INDIA

## નિકાસ ઓર્ડર મેળવવો

### (૪) પ્રોડકટ પસંદગી

- તમે નિકાસ કરી શકો તેવી તમામ પ્રોડકટની યાદી બનાવો
- ડીજીએફટીની વેબસાઈટ પર જઈ યાદી મુજબની તમામ પ્રોડક્ટસના એચએસ કોડ જાણી લો અને કોડ મુજબ જે તે પ્રોડકટ નિકાસ માટે મુક્ત છે કે કેમ તેની જાણકારી મેળવો.
- ઈપીસીની વેબસાઈટ, વિવિધ સરકારી વેબસાઈટ અને વ્યાપારીક બીટુબી પોર્ટલ પરથી તમારી યાદી મુજબની પ્રોડકટની નિકાસ સંબંધી મહિતી એકઠી કરો.
- એકત્ર કરેલ માહિતીનો અભ્યાસ કરી તમને સાનુકુળ લાગે તેવી પ્રોડકટ પસંદ કરો.

### (૫) બજારની પસંદગી

- આગળ મેળવેલી માહિતીના આધારે વિશ્વના કયા દેશમાં નિકાસની વધુ તકો છે તે જાણીને માર્કેટ નક્કી કરો.
- અમુક દેશો સાથે આપણે વ્યાપારીક કરારો કરેલા છે જે હેઠળ નિકાસ કરવામાં વધુ સરળતા રહે છે. વ્યાપારીક કરારોની માહિતી www.indiantradeportal.in પરથી મળી રહે છે.
- હરિફ દેશોની નિકાસ અંગેની માહિતી www.rademap.org પરથી મળી રહે છે.

### (૬) વિદેશી ગ્રાહક શોધવા

- આ કાર્ય થોડુ મુશ્કેલ છે એટલે ધીરજથી કામ લેવું.
- સૌ પ્રથમ તમારી પોતાની વેબસાઈટ બનાવો અને તેમાં તમે નિકાસ કરવા માગો છો તે તમામ પ્રોડકટની સંપૂર્ણ જાણકારી આપો. જેથી વિદેશમાં બેઠેલ ગ્રાહકને તમારી પ્રોડક્ટસની માહિતી સરળતાથી મળી રહે.
- વિદેશમાં વસતા તમારા સગા-સંબંધીઓની મદદ લો.
- વિવિધ વ્યાવસાયિક બીટુબી પોર્ટલ પાસેથી ગ્રાહકોની માહિતી મેળવો.
- વિદેશમાં આપણી ભારતીય એમ્બેસી અથવા ઈન્ડિયન કોમર્શીયલ મિશન અને ત્યાના વ્યાપારીક સંગઠનો સાથે પત્રવ્યવહાર કરો.
- એપેડા, સ્પાઈસ બોર્ડ જેવી વેબસાઈટ પર આવતી ટ્રેડ લીડ જોતા રહો અને તેના દ્વારા પ્રકાશિત થતા ન્યુઝ લેટર પણ જોતા રહો.
- આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળાની મુલાકાત લો અને શક્ય હોય તો તેમાં સ્ટોલ રાખી ભાગ લો.
- વિદેશી ગ્રાહકોના ભારતીય એજન્ટોની માહિતી મેળવી તેમનો સંપર્ક કરો.
- વિદેશમાં તમારા એજન્ટની નિમણુંક કરો જે તમારા વતી કામ કરે.




### (૭) સેમ્પલ મોકલવા

- વિદેશી ગ્રાહકનું નામ-સરનામું જાણયા પછી તેમને તમારી પ્રોડકટના સેમ્પલ મોકલો અને તમારી વિશેષતાઓ જણાવો.
- સેમ્પલ મોકલવાથી ઓર્ડર મેળવવામાં સરળતા રહે છે.

### (૮) ભાવ/કવોટેશન (પ્રફોર્મા ઈનવોઈસ) મોકલવું

- હરીફાઈના જમાનામાં પ્રોડકટના ભાવ આપતા પહેલા થનાર તમામ ખર્ચની ગણતરી કરવી અને હરીફાઈમાં ટકી શકે તેવો ભાવ આપવો.
- વિવિધ ડીલીવરી ટર્મ (ઈન્કોટર્મ)ની જાણકારી મેળવી લો.
- ભાવ આપતી વખતે ડીલીવરી ટર્મ શુ છે એટલે કે કયાં સુધી માલ પહોંચાડવાનો છે તેમજ પેમેન્ટ ટર્મ શુ છે તે ધ્યાનમાં રાખવું ખૂબજ જરૂરી છે.
- પ્રોડકટ સ્પેશીફીકેશન, કવૉલીટી, ભાવ, જથ્થો, ડીલીવરી ટર્મ, પેમેન્ટ ટર્મ વગેરે દર્શાવતુ પ્રફોર્મા ઈનવોઈસ બનાવીને ગ્રાહકને મોકલવું.

### (૯) નિકાસ ઓર્ડર મેળવવો

- પ્રફોર્મા ઈનવોઈસમાં જણાવેલ તમામ બાબતો અંગે ગ્રાહક સાથે સમજૂતી કરીને લેખીતમાં સહી સાથે કન્ફર્મ ઓર્ડર મેળવવો.

### (૧૦) નિકાસ ઓર્ડરનો વિમો ઉતરાવવો

- નિકાસમાં પેમેન્ટ જોખમ રહે છે. તેનાથી બચવા માટે ભારત સરકારની સંસ્થા એક્ષપોર્ટ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન (ઈસીજીસી) વીમા સુરક્ષા આપે છે.
- ઈસીજીસીની સ્થાનિક કચેરીમાં જઈને તમને મળેલ નિકાસ ઓર્ડર સામે થોડુ પ્રિમીયમ ભરીને વિમો ઉતરાવવો.

## નિકાસ ઓર્ડર મળ્યા પછીની કામગીરી

### (૧૧) નિકાસ ઓર્ડર કન્ફર્મ કરો

- નિકાસ ઓર્ડરમાં જણાવેલ તમામ બાબતો જેવી કે, જથ્થો, ગુણવત્તા, ભાવ, પેકીંગ, ડીલીવરી, વિમો વગેરે ચકાસી લીધા બાદ ઓર્ડર સ્વીકૃત કરવો.

### (૧૨) ઉત્પાદન અથવા એકત્રીકરણ કરવું

- ઓર્ડર મુજબના માલનું ઉત્પાદન કરો અથવા સ્થાનિક બજારમાંથી ખરીદ કરો. નિકાસ માટે ખરીદેલ માલ સામાન પર કોઈપણ જાતના ટેક્ષ જેવા કે એકસાઈઝ, વેટ વગેરે લાગતા નથી. એ માટે અગાઉથી ટેક્ષમુક્તિ મેળવવી જરૂરી છે. અથવા ટેક્ષ ભર્યો હોય તો પરત મળવાપાત્ર છે.

### (૧૩) ગુણવત્તા જાળવવી

- માલની ગુણવત્તા બાબતે ખાસ કાળજી રાખવી.
- કૃષિ ઉત્પાદનો તથા ખાદ્ય પદાર્થોની નિકાસ માટે પ્રિ-શિપમેન્ટ ચકાસણી અને કવૉલિટી સર્ટીફિકેટ ફરજીયાત છે.
- કેટલાક કિસ્સામાં ગ્રાહક પોતે નક્કી કરેલ એજન્સી દ્વારા ચકાસણી કરાવવાનો આગ્રહ રાખે છે.
- કૃષિ પેદાશોની નિકાસમાં ફાયટોસેનીટરી સર્ટીફિકેટ પણ મેળવવાના રહે છે. જે માટે સરકાર દ્વારા નિયુક્ત થયેલ એજન્સીનો સંપર્ક કરવાનો રહે છે. જેની માહિતી એપેડાની વેબસાઈટ પરથી મળી રહે છે.

### (૧૪) બેંક-ધિરાણ મેળવવું

- નિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર નિકાસકારોને સસ્તા દરે ધીરાણ ઉપલબ્ધ કરાવે છે.
- ધિરાણ માટે તમારી બેંકનો સંપર્ક કરવો.
- પ્રિશિપમેન્ટ અને પોસ્ટ શીપમેન્ટ એમ બે રીતે ધિરાણ મળવાપાત્ર છે.
- નિકાસ ઓર્ડરના ૭૦ થી ૯૦ ટકા સુધી ધિરાણ મળે છે.




### (૧૫) પેકિંગ અને લેબલીંગ

- આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણ મુબજનુ પેકિંગ કરવું જરૂરી છે.જેથી માલ સલામત રીતે ગ્રાહક સુધી પહોંચે અને નુકસાન ઓછું થાય.
- પેકિંગ બાદ તેના પર લેબલ લગાડવું જેમાં જરૂરી તમામ વિગતો જેમકે



માલની વિગત, વજન, પેકેટ નંબર વગેરે ઉપરાંત લેનાર-મોકલનારના નામ-સરનામા વ્યવસ્થિત રીતે દર્શાવવા.

- હાલના સંજોગોમાં ટ્રેસેબીલીટી પણ જરૂરી છે જે માટે અપેડાનો સંપર્ક કરવો.

**(૧૬) માલની ચોરી/નુકસાની સામે વિમો લેવો**

- માલ મોકલવા દરમ્યાન ચોરી કે નુકસાનીથી બચવા મરીન વિમા પોલીસી લેવી જેથી સંભવિત નુકસાનથી બચી શકાય.

**(૧૭) માલની ડીલીવરી કરવી**

- માલની ડીલીવરી નક્કી થયેલ સમય મર્યાદામાં થાય તેની ખાસ કાળજી લેવી અન્યથા પેમેન્ટ મેળવવામાં ખૂબ જ મુશ્કેલી ઉભી થઈ શકે છે.

**(૧૮) કસ્ટમ કલીયરન્સ કરાવવું**

- માલ પોર્ટ પરથી કે વિમાન દ્વારા વિદેશ મોકલતા પહેલા તેનું કસ્ટમ કલીયરન્સ કરાવવું જરૂરી છે. એ માટે કમિશ્નર ઓફ કસ્ટમ દ્વારા માન્યતાપાત્ર કસ્ટમ બ્રોકરની સેવા લેવી.
- કસ્ટમ કલીયરન્સ માટે જરૂરી દસ્તાવેજો નિયત પત્રકમાં ભરીને આપવાના રહે છે જેમાં કોમર્શીયલ ઈનવોઈસ એટલે કે વેચાણનું પાકુ બીલ, પેકિંગ લીસ્ટ, સર્ટીફિકેટ ઓફ ઓરીજીન, ક્વૉલીટી સર્ટીફિકેટ, વગેરેનો સમાવેશ થાય છે.
- નિકાસના લાભ લેવા ઈચ્છતા હો તો તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે.
- કલીયરન્સ બાદ કસ્ટમ વિભાગ શીપીંગ બીલ અથવા બીલ ઓફ એક્ષપોર્ટ પ્રિન્ટ કરીને નિકાસકારને આપે છે.
- કલીયરન્સ બાદ શીપીંગ એજન્સી કે એરલાઈન્સ માલ સ્વીકૃત કરે છે અને બદલામાં બીલ ઓફ લેડીંગ અથવા એરવે બીલ આપે છે.

**(૧૯) ડોક્યુમેન્ટસ / દસ્તાવેજો**

નિકાસ માટે ત્રણ દસ્તાવેજો ફરજીયાત છે.

(૧) બીલ ઓફ લેડીંગ અથવા એરવે બીલ

(૨) કોમર્શિયલ ઈનવોઈસ (પાકુ બીલ) અને પેકિંગ લીસ્ટ

(૩) શીપીંગ બીલ અથવા બીલ ઓફ એક્ષપોર્ટ

**(૨૦) ડાક્યુમેન્ટ બેંક મારફતે ગ્રાહકને મોકલવા**

નિકાસકારે નીચે મુજબના ડોક્યુમેન્ટ પોતની બેંક દ્વારા ગ્રાહકની બેંકને મોકલવા.

(૧) કોમર્શીયલ ઈન્વોઈસ (પાકુ બીલ) અને પેકિંગ લીસ્ટ

(૨) શીપીંગ બીલ અથવા બીલ ઓફ એક્ષપોર્ટ

(૩) બીલ ઓફ લેડીંગ અથવા એર વે બીલ

(૪) લેટર ઓફ ક્રેડીટ (એલસી) (જો હોય તો)

(૫) બીલ ઓફ એક્ષચેન્જ

(૬) સર્ટીફીકેટ ઓફ ઓરીજીન

(૭) ક્વૉલીટી સર્ટીફીકેટસ

(૮) ઈન્સપેક્શન સર્ટીફીકેટસ
(૯) ડીકલેરેશન અન્ડર ફોરેન એક્ષ્ચેંજ
(૧૦) અન્ય (ગ્રાહક દ્વારા નિર્દિષ્ટ થયેલ હોય તે)

## (૨૧) નિકાસ કરેલ માલનું પેમેન્ટ મેળવવું અને યોજનાકીય લાભ લેવા

- વિદેશ વ્યાપાર નિતી (૨૦૧૫-૨૦૨૦) મુજબ નિકાસ માટેના તમામ બીલ યુએસ ડોલર અથવા અન્ય ફ્રીલી કન્વર્ટીબલ કરન્સીમા બનાવવા.
- ગ્રાહકને તેની બેંક મારફત ડોક્યુમેન્ટ મળે ત્યારે પેમેન્ટ કરવાની તેની જવાબદારી છે. એ ડોક્યુમેન્ટસના આધારે તેને માલની ડીલીવરી મળે છે. કોઈ સંજોગોમાં ગ્રાહક પેમેન્ટ કરવા આનાકાની કરે તો નિકાસકારે ઈસીજીસીનો સંપર્ક કરવો.
- નિકાસ કરેલ માલનું પેમેન્ટ મોડામાં મોડુ ૯ મહિનામાં બેંક ખાતામાં જમા થવું જોઈએ એ જવાબદારી નિકાસકારની રહે છે. અન્યથા રીઝર્વ બેંક કાયદેસરની કાર્યવાહી કરે છે.
- નિકાસ સહાય અંતર્ગત મળતા વિવિધ લાભો માટે ડીજીએફટીની કચેરીનો સંપર્ક કરવો.

### : નિકાસમાં ઉપયોગી વિવિધ વેબસાઈટની યાદી :

| ક્રમ | સંસ્થાનું નામ | વેબસાઈટનું નામ |
|---|---|---|
| ૧ | ડાયરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ | www.dgft.gov.in |
| ૨ | મિનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી | www.commerce-app.gov.in |
| ૩ | સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમ | www.cbec.gov.in |
| ૪ | ઈ-કોમ પોર્ટલ ઓફ સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઈઝ એન્ડ કસ્ટમ | www.icegate.gov.in |
| ૫ | ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ (ફીઓ) | www.fieo.org |
| ૬ | ઈન્ડીયન ટ્રેડ પોર્ટલ | www.indiantradeportal.in |
| ૭ | એક્ષપોર્ટ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી (ઈસીજીસી) | www.ecgcindia.com |
| ૮ | એગ્રી એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટસ એક્ષપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી (અપેડા) | www.apeda.gov.in |
| ૯ | સ્પાઈસીસ બોર્ડ ઓફ ઈન્ડિયા | www.indianspices.com |
| ૧૦ | ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (આઈટીસી) | www.trademap.org |
| ૧૧ | વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) | www.wto.org |
| ૧૨ | વિવિધ બીટુબી પોર્ટલ્સ | www.alibaba.com<br>www.indiamart.com<br>www.tradeindia.com<br>www.exportersindia.com<br>www.cybex.in<br>www.zauba.com |

કૃષિ નિકાસ અંગેની તાલીમ તથા વધુ માહિતી માટે સંપર્ક કરો :
કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ અને WTO Cell
બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

AAU
कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्

પ્રકાશન શ્રેણી નં. : EDU-૧:૨૭:૨૦૨૦:૨૦૦૦